પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર (PBSC) યોજના અંતર્ગત માનવબળની આઉટસોર્સીંગ સેવાઓની મુદ્દત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/AWR/e-file/23/2022/0019/A

સચિવાલય, ગાંધીનગર

તા. ઇ-સાઇન મુજબ

**વંચાણે લીધાં :**

(૧) આ વિભાગનો તા.૩૧.૦૧.૨૦૨૨નો ઠરાવ ક્ર: મહય/૧૦૨૦૧૬/૨૯૦૪/અ

(૨) આ વિભાગનો તા.૩૦.૦૩.૨૦૨૨ ઠરાવ ક્ર: મસક/૧૨૨૦૨૦/૬૯૦/અ

(૩) આ વિભાગનો તા.૦૧.૦૩.૨૦૨૪નો ઠરાવ ક્ર: WCDD/AWR/e-file/23/2023/1580/A

(૪) આ વિભાગનો તા.૦૪.૧૧.૨૦૨૫નો સમાનાંકી ઠરાવ

(૫) નિયામકશ્રી (મ.ક), કમિશનરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૩૦.૦૬.૨૦૨૬નો પત્ર ક્ર: WCDWW/PBSC/e-file/260/2024/0373/YOJNA-2

**આમુખ :**

વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક નં. (૧) સામે દર્શાવેલ ઠરાવથી પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર (PBSC) યોજના અંતર્ગત ૦૧-રીજીઓનલ કો-ઓર્ડીનેટર તથા ૧૩૦ કાઉન્સેલરની જગ્યાની સેવાઓ આઉટસોર્સથી લેવાની મંજૂરી આપેલ. લીધેલ ક્રમાંક નં. (૨) સામે દર્શાવેલ ઠરાવથી૦૧-સ્ટેટ કોર્ડીનેટરની જગ્યાની સેવાઓ આઉટસોર્સથી લેવાની મંજૂરી આપેલ. લીધેલ ક્રમાંક નં. (૩) સામે દર્શાવેલ ઠરાવથી ૩૦ કાઉન્સેલરોની સેવાઓ આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ.લીધેલ ક્રમાંક નં. (૪) સામે દર્શાવેલ ઠરાવથી આ માનવબળની સેવાઓ તા.૨૨.૧૦.૨૦૨૬ અને તા.૦૧.૦૯.૨૦૨૬ સુધી આઉટસોર્સથી મેળવવાની મંજૂરી આપવામાં આવેલ. આ માનવબળની આઉટસોર્સીંગ સેવાઓની મુદ્દત પુર્ણ થતાં વધુ ૧૧ માસ માટે મેળવવા લીધેલ ક્રમાંક નં. (૫) સામે દર્શાવેલ પત્રથી નિયામકશ્રી(મ.ક)ની કચેરી દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :**

પુખ્ત વિચારણાને અંતે પોલીસ સ્ટેશન બેઇઝ્ડ સપોર્ટ સેન્ટર યોજના અંતર્ગત માનવબળની સેવાઓ મુદ્દત પૂર્ણ થયા તારીખથી આગામી ૧૧ માસ માટે માન્ય એજન્સી મારફત આઉટસોર્સીંગથી મેળવવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આ મુદ્દત વધારાની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | મુદ્દત પુર્ણ થયા તારીખ | મુદ્દત લંબાવ્યા તારીખ | |
|---|---|---|---|---|---|
| | | | | તારીખ થી | તારીખ સુધી |
| ૧ | સ્ટેટ કો-ઓર્ડીનેટર | ૧ | ૨૨.૧૦.૨૦૨૬ | ૨૩.૧૦.૨૦૨૬ | ૨૨.૦૯.૨૦૨૭ |
| ૨ | રીજીઓનલ કો-ઓર્ડીનેટર | ૧ | ૦૧.૦૯.૨૦૨૬ | ૦૨.૦૯.૨૦૨૬ | ૦૧.૦૮.૨૦૨૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | કાઉન્સેલર (૧૪૨ આઉટસોર્સ અને ૧૮ કરાર આધારીત) | ૧૬૦<br>(૧૪૨+૧૮) | ૦૧.૦૯.૨૦૨૬ | ૦૨.૦૯.૨૦૨૬ | ૦૧.૦૮.૨૦૨૭ |

એક સ્ટેટ કોર્ડીનેટરની આઉટસોર્સ સેવાઓ માસિક રૂ.૪૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય), એક રીજીઓનલ કોર્ડીનેટરની આઉટસોર્સ સેવાઓ માસિક રૂ.૩૭,૫૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય), ૧૪૨ આઉટસોર્સીંગ કાઉન્સેલરની સેવાઓ માસિક રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) અને ૧૮ કરાર આધારીત કાઉન્સેલરોની સેવાઓ માસિક રૂ.૧૫,૦૦૦/- ના મહેનતાણાથી મેળવવાની રહેશે.

જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા. ૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્બારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૮.૦૭.૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નિર્વિશા પુરોહિત)

ઉપ સચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ

- માન.રા.ક.મંત્રીશ્રી,(સ્વ.હ.) મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર.
- સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ)ના રહસ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી(મ.બા.વિ), નાણા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- નિયામકશ્રી(મહિલા કલ્યાણ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી,ઇ(બજેટ)/સંકલન શાખા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ.